RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 246* Date: 03.07.2022 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## દેશની ન્યાયપાલિકા ફક્ત સંવિધાનને જવાબદાર : : ચીફ જસ્ટિટ ઓફ ઈન્ડિયા

નવીદિલ્હી,તા.૨

ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એનવી રમણાએ આજે શનિવારે એક કાર્યક્રમ દરમિયાન કહ્યું હતું કે, સત્તાધારી પાર્ટીઓનું માનવું છે કે, સરકારી કાર્યવાહી ન્યાયિક સમર્થનની હકદાર છે, તો વિપક્ષી દળ આશા કરે છે કે, તેના દ્વારા તેને તેઓ એક્સપોઝ કરશે. પણ દેશની ન્યાયપાલિકા ફક્ત સંવિધાન પ્રત્યે જવાબદાર છે. સીજેઆઈ રમણાએ નિરાશા વ્યક્ત કરતા કહ્યું કે, દેશમાં હજૂ પણ સંવિધાન દ્વારા દરેક સંસ્થાને સોંપવામાં આવેલી ભૂમિકાની સમગ્રપણે બિરદાવવાનું શિખ્યું નથી.

અમેરિકામાં આયોજીત એક કાર્યક્રમમાં મુખ્ય ન્યાયાધીશ રમણાએ કહ્યું કે, જેવું કે આપણે આ વર્ષ આઝાદીનું ૭૫ વર્ષનો જશ્ન મનાવી રહ્યા છીએ અને આપણા ગણતંત્રને પણ ૭૨ વર્ષ થયા છે. તો કંઈક અફસોસ સાથે મારે એ જોડવું પડે છે કે, આપણે હજૂ પણ સંવિધાન દ્વારા દરેક સંસ્થાને સોંપવામાં આવેલી ભૂમિકા અને તેમની જવાબદારીની પુરી નિષ્ઠાથી બિરદાવવાનું શિખ્યા નથી. સત્તામાં રહેનારી પાર્ટી એવું માને છે કે, દરેક સરકારી કાર્યવાહી ન્યાયિક સમર્થનની હકદાર છે તો વિપક્ષી પાર્ટી આશા રાખે છે કે, ન્યાયપાલિકા તેમના માટે રાજકીય પરિસ્થિતિઓ અને કારણોને આગળ વધારશે. જસ્ટિસ રમણાએ એવું પણ કહ્યું કે, સંવિધાન અને લોકતાંત્રિક સંસ્થાઓના કામકાજ વિશે લોકોમાં યોગ્ય સમજનો અભાવ છે.

સીજેઆઈ રમણા અમેરિકાના સૈન ફ્રાંસિસ્કો શહેરમાં એસોસિએશન ઓફ ઈંડિયન અમેરિકન્સ દ્વારા આયોજીત એક સન્માન સમારંભમાં બોલી રહ્યા હતા. ન્યાયપાલિકાની જવાબદારી વિશે સ્થિતિ સ્પષ્ટ કરતા જસ્ટિસ રમણાએ કહ્યું કે, સામાન્ય લોકોની વચ્ચે જોરદાર પ્રચારિત છે કે, જે એવી તાકતોની મદદ કરવા માટે આવી રહી છે, જેમનો એક માત્ર ઉદ્દેશ્ય દેશની સ્વતંત્ર અંગ એટલે કે ન્યાયપાલિકાને જ ખતમ કરવાનું છે. હું તેને સ્પષ્ટ કરી દઉં. અમે ખાલી સંવિધાન અને સંવિધાન પ્રત્યે જ જવાબદાર છીએ.

અમેરિકામાં આયોજીત એક કાર્યક્રમમાં સીજેઆઈ રમણાએ કહ્યું કે, સંવિધાનમાં પરિકલ્પિત નિયંત્રણ અને સંતુલનને લાગૂ કરવાને લઈને આપણે ભારતમાં સંવૈધાનિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આપણે વ્યક્તિઓ અને સંસ્થાઓની ભૂમિકા તથા તેમની જવાબદારીઓ વિશે જાગૃતિ ફેલાવાની જરૂર છે. લોકતંત્રમાં સૌની ભાગીદારી છે.

સંયુક્ત રાજ્ય અમેરિકાનું ઉદાહરણ આપતા કહ્યું કે, ભારત સહિત દુનિયામાં દરેક જગ્યાએ સમાવેશિતાને સન્માન કરવાની જરૂરિયાત પર ભાર આપ્યું અને ચેતવણી આપી કે, એક બિન સમાવેશી દ્રષ્ટિકોણ એક ત્રાસદીને નોતરુ આપવા બરાબર છે.

## ભાજપ સાથે ગઠબંધન તોડી નાખનારી અકાલી દળ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં દ્રોપદી મુર્મૂને સમર્થન આપશે

નવીદિલ્હી,તા.૨

ભારતીય જનતા પાર્ટીના પૂર્વ સહયોગી અકાલી દળે રાષ્ટ્રપતિ ચૂંટણી માટે એનડીએ ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને સમર્થન આપવાની જાહેરાત કરી છે. ચંડીગઢમાં અકાલી દળની કોર કમિટીની બેઠક બાદ પાર્ટી પ્રમુખ સુખબીર બાદલે કહ્યું કે, કૃષિ કાયદા, જેલમાં કેદ શિખો અને અન્ય લોકોને છોડવાના મુદ્દા પર ભાજપ સાથે મતભેદ હોવા છતાં પણ અમે તેમના ઉમેદવારને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. સુખબીરે કહ્યું કે, તેમની પાર્ટી ક્યારેય પણ કોંગ્રેસ દ્વારા ઉતારવામાં આવેલા ઉમેદવારે સમર્થન આપી શકે નહીં. તેમણે કહ્યું કે, અકાલી દળે હંમેશા સમાજના વંચિત વર્ગના લોકોનું સમર્થન કર્યું છે. સમાજના નબળા વર્ગોના લોકોનું સમર્થન કરવું અમારી જવાબદારી છે અને અનુસૂચિત જનજાતિ વર્ગમાંથી આવતા દ્રૌપદી મુર્મુ પણ તેમાંથી એક છે.અહીં ઉલ્લેખનીય છે કે, અકાલી દળની પહેલા તો માયાવતીએ પણ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં એનડીએ ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને સમર્થન આપવાની જાહેરાત કરી ચુક્યા છે. એનડીએને સાથ આપવાની જાહેરાત કરતા માયાવતીએ કહ્યું હતું કે, તે દ્રૌપદી મુર્મૂને સમર્થન એટલા માટે કરી રહી છે કારણ કે, તે આદિવાસી સમુદાયમાંથી આવે છે. તેની સાથે જ બસપા પ્રમુખે વિપક્ષ પર આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ ઉમેદવારને લઈને વિપક્ષે બસપા સાથે ચર્ચા વિચારણ કરી નથી. બીજૂ જનતા દળ, વાયએસઆર કોંગ્રેસ જેવી પાર્ટીઓ પણ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ભાજપ તથા એનડીએ ઉમેદવારને સમર્થન આપશે. ત્યારે આવા સમયે દ્રૌપદી મુર્મૂની જીત લગભગ નક્કી માનવામાં આવી રહી છે.

રાષ્ટ્રપતિ પદ માટે દ્રૌપદી મુર્મૂની ટક્કરમાં વિપક્ષના ઉમેદવાર યશવંત સિન્હા સાથે થશે. અટલ બિહારી વાજપેયી નેતૃત્વવાળી સરકારમાં સિન્હા વિદેશ અને નાણામંત્રી રહી ચુક્યા છે. થોડા સમય પહેલા જ ભાજપ સાથે નાતો તોડીને તેઓ ટીએમસીમાં જોડાયા હતા. અહીં ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ ચૂંટણી માટે તમામ રાજ્યોની વિધાનસભામાંથી ચૂંટાયેલા સભ્યો અને લોકસભા તથા રાજ્યસભામાં ચૂંટાઈને આવેલા સાંસદો પોતાના વોટના માધ્યમથી કરે છે. ઉલ્લેખનીય છે કે, સંવૈધાનિક તાકાતનો ઉપયોગ કરીને જે સાંસદોને રાષ્ટ્રપતિ નામિત કરે છે. તે સાંસદ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં વોટ કરી શકતા નથી. રાષ્ટ્રપતિ ચૂંટણીમાં એક વિશેષ રીતે વોટિંગ થાય છે. તેના સિંગલ ટ્રાંસફરેબલ વોટ સિસ્ટમ કહેવાય છે. એટલે કે, એકલ સ્થળાંતરીય સિસિટ્મ. સિંગલ વોટ એટલે કે વોટર એક જ વોટ આપે છે. પણ તે કેટલાય ઉમેદવારને પોતાના પ્રાથમિકીથી વોટ આપે છે. એટલે તે બેલેટ પેપર પર એ જણાવે છે કે, તેને પસંદ કોણ છે, બીજી કોણ, ત્રીજી કોણ, વોટ નાખનારા સાંસદો અને ધારાસભ્યોના વોટની પ્રમુખતા અલગ અલગ હોય છે. તેને વેટેજ પણ કહેવાય છે. બે રાજ્યોના ધારાસભ્યોના વેયટેજ અલગ અલગ હોય છે. આ વેયટેજ રાજ્યની જનસંખ્યાના આધાર પર નક્કી થાય છે. અને આ વેયટેજ જેવી રીતે નક્કી કરવામા આવે છે, તેને પ્રતિનિધિત્વ વ્યવસ્થા કહેવાય છે.

## મહારાષ્ટ્રના બળવાખોર ધારાસભ્યો ૮ દિવસમાં ૨૨ લાખનું ખાવાનું ખાઇ ગયા

### લગભગ ૧ કરોડ રૂપિયા ખર્ચાયા હોવાનો અંદાજ

મુંબઇ,તા.૨

મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લાં દશેક દિવસથી ચાલી રહેલાં રાજકીય ઘમાસાણનો ગુરુવારે અંત આવ્યો હતો અને આખરે એકનાથ શિંદેએ મુખ્યમંત્રી તરીકે શપથ પણ લઈ લીધા છે. પરંતુ લોકોને એ જાણવામાં રસ છે કે શિવસેનાના બળવાખોર ધારાસભ્યો ગૌહાટીમાં ૮ દિવસ ફાઈવ સ્ટાર હોટલમાં રોકાયા તેમાં કેટલાં રૂપિયાનું પાણી થયું હશે? સુત્રોના કહેવા મુજબ લગભગ ૧ કરોડ રૂપિયા ખર્ચાયા હોવાનો અંદાજ છે. માત્ર ૮ દિવસમાં ધારાસભ્યો ૨૨ લાખ રૂપિયાનું ખાવાનું ખાઇ ગયા હોવાનું માનવામાં આવે છે.બળવાખોર શિવસેના જૂથના ધારાસભ્યો અને તેમના નેતા, જેમણે ગૌહાટીની એક લક્ઝરી હોટલમાં ૮ દિવસ સુધી ધામા નાખ્યા હતા, તેમણે હવે બુધવારે મહારાષ્ટ્રના ઝસ એકનાથ શિંદે વતી સંપૂર્ણ બિલ ચૂકવી દીધું છે. આ માહિતી હોટેલ રેડિસન બ્લુમાંથી જાણવા મળી છે. જો કે બિલ કેટલું આવ્યું તે અંગે કોઈ વાત કરવા તૈયાર નથી. પરંતુ ઓછામાં ઓછા ૬૮ થી ૭૦ લાખ રૂપિયા ભાડા તરીકે ચૂકવવામાં આવ્યા હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

જાણવા મળેલી માહિતી મુજબ,હોટલના અલગ-અલગ ફ્લોર પર કુલ ૭૦ રૂમ બુક કરવામાં આવ્યા હતા. આ સાથે, હોટેલ મેનેજમેન્ટે ૨૨ જૂનથી ૨૯ જૂન સુધી બહારથી આવતા લોકો માટે રેસ્ટોરાં, ભોજન સમારંભ અને સુવિધાઓ બંધ કરી દીધી હતી. હોટલ સાથે જોડાયેલા એક અધિકારીએ નામ ન આપવાની શરતે ન્યૂઝ એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના ધારાસભ્યો અહીં સામાન્ય મહેમાનોની જેમ રોકાયા હતા. તેમના દ્વારા સંપૂર્ણ બિલની રકમ ચૂકવી દેવામાં આવી છે. જોકે, આ અધિકારીએ બિલની રકમ વિશે કહેવાનો ઈંકાર કર્યો છે. જો કે, એવી માહિતી આપવામાં આવી છે કે ધારાસભ્યોને સુપિરિયર અને ડીલક્સ કેટેગરીના રૂમમાં રાખવામાં આવ્યા હતા.

હોટેલ રેડિસન બ્લુની વેબસાઈટ અનુસાર, અલગ-અલગ રૂમના ભાડા ફ્લાઈટ ટિકિટની જેમ તેની કિંમત પણ ઉપલબ્ધતાના આધારે નક્કી કરવામાં આવે છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, હોટલના રૂમનું એક દિવસનું ભાડું સામાન્ય રીતે ૭૫૦૦ થી ૮૫૦૦ સુધી થાય છે. આ ડિસ્કાઉન્ટ અને ટેક્સ સહિત લગભગ ૬૮ લાખ થાય છે. તેમના ૮ દિવસના ભોજનમાં ૨૨ લાખ રૂપિયા સુધીનો ખર્ચ થયો હોવાનું આંકી શકાય છે.

જ્યારે હોટેલ અધિકારીઓને પૂછવામાં આવ્યું કે શું ધારાસભ્યોએ અન્ય કોઈ સુવિધાઓનો લાભ લીધો છે, ત્યારે તેમણે કહ્યું કે ધારાસભ્યોએ સ્પા વગેરે જેવી વધારાની સેવાઓનો લાભ લીધો નથી. એક સામાન્ય અંદાજ મુજબ રહેવાનો અને જમવાનો ખર્ચ મળીને એકાદ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હશે. એમાં સુરતની હોટલમાં રહેવાનો ખર્ચ, ફ્લાઇટની ઉડાઉડનો ખર્ચ તો અલગ.

## ગુજરાતમાં આગામી ૫ દિવસ રાજ્યમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી

ગાંધીનગર,તા.૨

ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો છે. દક્ષિણથી લઈને ઉત્તર ગુજરાત સુધી મેઘરાજાએ મહેર કરી છે. ત્યારે ગુજરાત માટે આગામી પાંચ દિવસ ભારે રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. જી હા, ગુજરાતમાં આગામી ૫ દિવસ રાજ્યમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સાયક્લોનિક સકર્યુલેશનેન પગલે અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. નવસારી અને સુરતમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત ડાંગ, વલસાડ, તાપીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગીર સોમનાથમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. મહત્વનું છે કે આજે પણ દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ડાંગમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે.

તો આ તરફ બનાસકાંઠા અને સાબરકાંઠામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત પોરબંદર, અમરેલી, જૂનાગઢ, દ્વારકામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. મહત્વનું છે કે ગઈકાલે રાત્રે બનાસકાંઠા જિલ્લાના દિયોદરમાં ૨૪ કલાકમાં ૮ ઈંચ વરસાદ આવ્યો હતો. જેને કારને સ્કૂલ કેમ્પસ, રોડ-રસ્તા પાણીમાં ગરકાવ થયા હતા. આ સાથે ડીસામાં પણ ૫ ઈંચ જેટલો વરસાદ આવતા આરટીઓ ચાર રસ્તા પાસેની દુકાનમાં પાણી ભરાયાં છે. તો વળી સાબરકાંઠા જિલ્લામાં પણ ઉપરવાસમાં ભારે વરસાદને કારણે સાબરમતી નદીમાં નવા નીર આવ્યા છે. અમદાવાદમાં એક બે દિવસે વરસાદનું એકાદ ઝાપટુ પડી જાય છે. હજી જોઈએ તેવો વરસાદ સતત પડી નથી રહ્યો. ત્યારે આગામી દિવસોમાં હવામાન વિભાગ દ્વારા અમદાવાદમાં તથા ગાંધીનગરમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે

## દેશની બીજી સૌથી મોટી ઓઈલ માર્કેટિંગ કંપનીએ બીઓઆરએલને પોતાનામાં વિલય કરવાની જાહેરાત કરી

નવીદિલ્હી,તા.૨

સરકારી કંપની, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશનએ મોટી ચાલ ચાલી છે. દેશની બીજી સૌથી મોટી ઓઈલ માર્કેટિંગ કંપની બીપીસીએલએ મધ્ય પ્રદેશના બીનામાં પોતાની સબ્સિડિયરી રિફાઈનરી, ભારત ઓમાન રિફાયનરીઝ (બીઓઆરએલ)ને પોતાનામાં વિલય કરવાની જાહેરાત કરી હતી. બીપીસીએલ અને તેના ગ્રુપની કંપનીઓની તેલ અને ગેસ ઈન્ડસ્ટ્રીઝની અપસ્ટ્રીમ, રિફાઈનરીઝ અને ડાઉનસ્ટ્રીમ મૂલ્ય ચેનમાં મહત્ત્વપૂર્ણ ઉપસ્થિતિ છે, જયારે બીઓઆરએલ પાઈપલાઈનોના નેટવર્કના માધ્યમથી ઉત્તરી અને મધ્ય ભારતમાં ઉત્પાદન સુરક્ષા અને લોજિસ્ટિક લાભ પ્રદાન કરે છે. એટલે બીના સ્થિત રિફાઇનરી, બીપીસીએલ માટે મહત્ત્વપૂર્ણ છે, જે આંતરિક ક્ષેત્રોમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની માગણીને પૂર્ણ કરવાના પ્રયાસોમાં છે.

અરુણ કુમાર સિંહે કહ્યું કે, જોકે ઉર્જા પરિદશ્યમાં મોટા પ્રમાણ પર બદલાવ થઈ રહ્યા છે, બીપીસીએલએ ઉર્જા ક્ષેત્રમાં પોતાના પદચિહ્નોનો વિસ્તાર કરવા અને ભવિષ્યના વિકાસ અને અસ્થિરતા માટે વિવિધતા લાવવા માટે નિશ્ચિત યોજનાઓ તૈયાર કરી છે.

બીના રિફાઇનરીના વિલય સાથે અમે ઝડપથી બદલાતા ઉર્જા બજારમાં વધારે પ્રભાવી અને લાભપ્રદ રૂપે પ્રતિસ્પર્ધા કરવાની ક્ષમતાનું નિર્માણ કરીશું.

## સુપ્રીમ કોર્ટ તરફ ફટકાર બાદ નૂપુર સાથે ફરી પૂછપરછ થશે, પોલીસ નોટીસ મોકલી શકે છે

નવીદિલ્હી,તા.૨

ભાજપના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્માની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ લઈ રહી નથી. પૈગંબર મોહમંદ પર વિવાદિત નિવેદન માટે શુક્રવારે સુપ્રીમ કોર્ટે તેમને આકરી ફટકાર લગાવી અને કહ્યું કે નૂપુર શર્માના બિન જવાબદાર નિવેદને દેશમાં લોકોની ભાવનાઓને ઉશ્કેરવાનું કામ કર્યું છે. હવે દિલ્હી પોલીસ સુપ્રીમ કોર્ટની ફટકાર બાદ ફરીથી નૂપુર શર્મા સથે પૂછપરછ કરી શકે છે અને પછી તેમને નોટીસ મોકલી શકે છે. વિવાદિત નિવેદનને લઈને નૂપુર શર્મા વિરૂદ્ધ એફઆઈઆર નોંધ્યા બાદ દિલ્હી પોલેસે ૪૧એ હેઠળ નૂપુર શર્માને તપાસમાં સામેલ કરવા માટે નોટીસ મોકલી હતી અને ત્યાં તપાસમાં સામેલ થઈ હતી. દિલ્હી પોલીસે ૧૮ જૂનના રોજ નૂપુર શર્માનું નિવેદન નોંધ્યું હતું. પરંતુ સુપ્રીમ કોર્ટના પ્રશ્નો બાદ તેમની સાથે પૂછપરછ કરી શકે છે. સર્વોચ્ચ કોર્ટે પોતાની ટિપ્પણીમાં પોલીસને ફટકાર લગાવતાં કહ્યું કે એફઆઈઆર નોંધ્યા બાદ પણ કોઈ કાર્યવાહી કેમ ન કરવામાં આવી?

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન નૂપુર શર્મા ફટકાર લગાવી હતી. કોર્ટે કહ્યું કે તેમને પોતાના નિવેદન માટે ટીવી પર આવીને સાર્વજનિક રૂપથી માફી માંગવી જોઈતી હતી. તેમણે માફી માંગવામાં મોડું કર્યું છે અને નિવેદન પરત લેવાનું શું ઔચિત્ય છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ચેનલની ચર્ચા પર પણ સવાલ ઉઠાવ્યા. કોર્ટે કહ્યું કે જે કેસ કોર્ટમાં પેન્ડીંગ છે, તેના પર ચર્ચા કરવાનો શું અર્થ છે, આ એજન્ડા પ્રમોટ કરવાની રીત છે. જો નૂપુર શર્માને લાગે છે કે તેમની ચર્ચામાં ખોટો ઉપયોગ થયો છે તો સૌથી પહેલાં તેમને એક્કર વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરવી જોઈતી હતી. નૂપુર શર્માના ઉપરાંત કોર્ટે દિલ્હી પોલીસને લતાડ લગાવી છે.

## રિયાઝ અટારી રાજસ્થાનમાં પૂર્વ ગૃહ મંત્રી ગુલાબચંદ્ર કટારિયાના ઘણા કાર્યક્રમોમાં સામેલ થયો હતો.: કોંગ્રેસ

**ભાજપના લઘુમતી સેલના નેતા ઈરશાદ ચેનવાલાએ ૩૦ નવેમ્બર ૨૦૧૮ના રોજ પોસ્ટ કરી હતી અને રિયાઝને પાર્ટીનો કાર્યકર્તા ગણાવ્યો હતો**

નવીદિલ્હી,તા.૨

ઉદયપુરમાં દરજી કન્હૈયાલાલની બે મુસ્લિમો દ્વારા કરવામાં આવેલી હત્યાના કેસમાં નવું ટ્વીસ્ટ આવી ગયું છે. સોશિયલ મીડિયા પર છેલ્લા કેટલાક કલાકોથી તસવીરો શેર થઈ રહી હતી, હવે કોંગ્રેસે સીધી રીતે કન્હૈયાલાલની હત્યાના મુખ્ય આરોપી રિયાઝ અટારીનું કનેક્શન ભારતીય જનતા પાર્ટીના નેતાઓ સાથે જોડ્યુ છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ પ્રેસ કોન્ફરન્સ કરીને દાવો કર્યો કે, રિયાઝ અટારી રાજસ્થાનમાં ભાજપના કદાવર નેતા અને પૂર્વ ગૃહ મંત્રી ગુલાબ ચંદ્ર કટારિયાના ઘણા કાર્યક્રમોમાં સામેલ થયો હતો.

તેમણે કહ્યું હતું કે, રિસર્ચ કરતા જાણકારી મળી કે, ફેસબુક પર ભાજપના લઘુમતી સેલના નેતા ઈરશાદ ચેનવાલાએ ૩૦ નવેમ્બર ૨૦૧૮ના રોજ પોસ્ટ કરી હતી અને રિયાઝને પાર્ટીનો કાર્યકર્તા ગણાવ્યો હતો. કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા પવન ખેડાએ પુલવામાં હુમલાનો પણ ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસના પ્રવક્તાએ કહ્યું કે, ઈરશાદ જ નહીં, વધુ એક ભાજપના નેતા મોહમ્મદ તાહિર છે, જેનો મોબાઈલ હવે બંધ આવી રહ્યો છે. તાહિરની ૩ ફેબ્રુઆરી ૨૦૧૮, ૨૮ ઑગસ્ટ ૨૦૧૯, ૨૭ ઓક્ટોબર ૨૦૧૯ અને ૧૦ ઑગસ્ટ ૨૦૨૧ની પોસ્ટની સ્ટડી કરવામાં આવી.

ભાજપના નેતા મોહમ્મદ તાહિરની એક ફેસબુક પોસ્ટ વાંચતા ખેડાએ કહ્યું કે, આ અમારો ભાજપનો કાર્યકર્તા ઉદયપુર, રાજસ્થાનના રિયાઝ અટાતી ભાઈજાને આપણાં વતન હિન્દુસ્તાનમાં અમન માટે દુવાઓ કરી..

અલ્લાહ આપણા હિન્દને સુરક્ષિત રાખો. આમીન. ખેડાએ કહ્યું કે, તાહિર કહી રહ્યા છે કે અટારી માટે તેઓ ઉમરા કરવા માટે ગયા અને દેશ માટે દુઆ માગી. ભાજપનો કાર્યકર્તા રિયાઝ અટારી પૂર્વ ગૃહ મંત્રીના કાર્યક્રમોમાં સામેલ થાય છે. ભાજપના સ્થાનિક નેતા રિયાઝ ભાઈ અમારા ભાજપના કાર્યકર્તા' કહીને સંબોધિત કરે છે.

કોંગ્રેસના પ્રવક્તા અહીં જ ન રોકાયા. તેમને કહ્યું કે, 'આ શું ચાલી રહ્યું છે દેશમાં, માંજારો શું છે. પુલવામામાં સવાલ ઉઠ્યા હતા કે સાઢા ૩૦૦ કિલો આરડીએકસ કઈ રીતે પહોંચ્યું ડીએસપી દવિન્દર સિંહનું નામ આપણે બધા જાણીએ છીએ.

ચૂપચાપ નોકરીમાંથી બહાર કરી દીધો કે રાષ્ટ્રહિતમાં નથી, તેની વિરુદ્ધ તપાસ કરવી.. આ શું થઈ રહ્યું છે આ દેશમાં. કોણ કરાવી રહ્યું છે આ બધુ? એક બાદ એક હુમલા, ઘટનાઓ થઈ રહી છે, કોઈ જવાબ નહીં. વડાપ્રધાન અને ગૃહ મંત્રી ચૂપ છે.

પવન ખેડાએ કહ્યું કે, એ માત્ર તસવીરો થતી તો લાગતું કે કોઈ સામાજિક કાર્યક્રમની હશે, પરંતુ ફેસબુક પોસ્ટથી સ્પષ્ટ થાય છે કે રિયાઝ અટારી કન્હૈયાલાલનો હત્યારો ભાજપનો સક્રિય સભ્ય છે. આજે સૂર્યાસ્ત સુધી અમે આશા રાખીએ છીએ કે એ તથાકઠિત રાષ્ટ્રવાદી પાર્ટી આ દેશને જવાબ આપશે.

પવન ખેડાએ આરોપ લગાવ્યો કે જેવો જ ઉદયપુરમાં હત્યાકાંડ થયો, કેન્દ્રએ એનઆઈએ તપાસની વાત કહી, અમારા મુખ્યમંત્રીએ તેનું તાત્કાલિક સ્વાગત કર્યું, પરંતુ હવે નવા તથ્યો સામે આવ્યા બાદ ખૂબ ગંભીર સવાલ ઉઠે છે કે શું ભાજપની કેન્દ્ર સરકારે આ જ કારણે ડરીને ઉતાવળમાં એનઆઈએને આ કેસ સોંપવાનો નિર્ણય લીધો? આ દેશની અખંડતાની બાબત છે. જવાબ આપવો પડશે

## તંત્રી સ્થાનેથી...

# અનુપમ માર્ગદર્શકઃ સદગુરૂ

ગુરૂ શબ્દ પ્રાચિન અધ્યાત્મની ધરોહર છે.સંત મહાત્માઓએ ગુરૂને પુરાતન યુગીન શાસ્ત્રીય અર્થોથી અલગ અલગ સ્વરૂપે અપનાવ્યાં છે.તેમના મત અનુસાર ગુરૂ ફક્ત અધ્યાપક કે માર્ગદર્શક જ નહી પરંતુ પરમપિતા પરમાત્માના અંશના નિર્મિત હોય છે.જેની કલ્પના પૌરાણિક વિચાર પધ્ધતિએ અવતાર ધારણાની પરિભાષામાં કરી છે.શ્રીમદ્ ભગવદ્ ગીતા. ભગવાન શ્રીકૃષ્ણે કહે છે કે ×જ્યારે જ્યારે ધર્મની હાની અને અધર્મની વૃધ્ધિ થાય છે ત્યારે ત્યારે હું પોતાની જાતને સાકારરૂપે પ્રગટ કરૂં છું.સાધુઓ (ભક્તો)ની રક્ષા કરવા માટે,પાપ કર્મ કરવાવાળાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સારી રીતે સ્થાપના કરવાને માટે હું યુગ યુગમાં પ્રગટ થયા કરૂં છું.રામચરીત માનસમાં ગોસ્વાધમી તુલસીદાસજી લખે છે કે જ્યારે જ્યારે ધર્મની હાની થાય છે અને નીચ..અભિમાની તથા અસુરોની વૃધ્ધિ થાય છે અને જ્યારે તેઓ વર્ણવી ના શકાય તેવી અનીતિ કરે અને બ્રાહ્મણો ગાયો દેવતાઓ તથા પૃથ્વી ખેદ પામે છે ત્યારે ત્યારે કૃપાનિધિ પ્રભુ વિવિધ શરીરો ધારણ કરીને સજ્જનોની પીડાનું હરણ કરે છે.સંસારમાં સાધારણમાં સાધારણ કાર્ય શીખવા માટે અમારે તેના જાણકારનું શરણું લેવું પડે છે, એવા વ્યક્તિની શોધ કરવી પડે છે કે જે પહેલાંથી જ તે ક્ષેત્રનો જાણકાર હોય છે, તેવી જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ શાંતિ પ્રાપ્ત કરવા માટે કોઈ પરમ પુરૂષની શરણાગતિ અતિ આવશ્યક છે.જેવી રીતે પ્રકાશ વિના અંધકાર દૂર થતો નથી,જ્ઞાની વિના જ્ઞાન પ્રાપ્તિ ફક્ત કલ્પના જ છે, નાવિક વિના નૈયા પાર ઉતરી શકાતું નથી, શિક્ષક વિના શિક્ષણ પ્રાપ્ત થતું નથી તેવી જ રીતે ગુરૂ જ્ઞાનરૂપી પ્રકાશ વિના માયાનો અંધકાર દૂર થઈ શકતો નથી.ગુરૂજ્ઞાન વિના રહસ્ય રહસ્ય જ રહી જાય છે.જે પણ તેમને મળે છે તેમને રામની સાથે કે જે ઘટઘટમાં રમી રહ્યા છે તે જ્યોતિ સ્વરૂપ પ્રભુની સાથે જોડી દે છે.ગુરૂ શબ્દનો અર્થ પણ એ જ છે કે જે અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશ પ્રદાન કરે. ગુરૂ સત્યનો બોધ કરાવે છે કે જેનાથી અંતરનું અજ્ઞાનરૂપી અંધારૂં દૂર થાય છે તેવા જ ગુરૂને ધારણ કરો કે જે સત્યની પ્રતીતિ કરાવી દે.જે અકથ છે,અવર્ણનીય છે,તેનો અમોને અનુભવ કરાવી દે. કબીર સાહેબ કહે છે કે "સાધો સો સદગુરૂ મોહે ભાવે, પરદા દૂર કરે આંખનકા નિજ દર્શન દિખલાવે." ગુરૂનું આ જ કામ છે.ગુરૂ તો તે છે જે અજ્ઞાનતાનો પડદો હટાવીને અંર્તમુખ જ્યોતિનો અનુભવ કરાવે છે. હરિનામનું અમૂલ્ય રત્ન પૂર્ણ ગુરૂની પાસે હોય છે.જે તેમના આદેશ મુજબ ચાલે છે,તેને પોતાનો વ્યક્તિગત અનુભવ કરાવી દે છે.સમય સમયે અનેક મહાન વિભૂતિઓ વિશ્વમાં અવતરીત થતી રહે છે.પૃથ્વી પર અવતરીત થવા છતાં ઈશ્વર સાથે તેમનો સબંધ અતૂટ રહે છે.આ વિભૂતિઓ ઈશ્વરના પ્રતિનિધિના રૂપમાં આવે છે,તે આ વિશ્વના મિથ્યા રંગ તમાશાઓમાં ભાગ લેવા છતાં પણ તેનાથી અલિપ્ત રહીને પ્રભુ પરમાત્માની યાદમાં તલ્લીન રહે છે અને જે પોતે પરમાત્મામાં લીન હશે તે જ સંસારના નરકમાં બળતા જીવોને પોતાના જેવી લીનતાનો માર્ગ બતાવી શકે છે.આવી વ્યાપક આત્માઓની શોધની આવશ્યકતા છે. ગુરૂની શોધ જિજ્ઞાસા ઉત્સુકતાની ઉગ્ર સ્થિતિ સાધકની પ્રથમ અને અંતિમ સીડી છે.

કબીર સાહેબના શબ્દોમાં "જિન ઢૂંઢા તિન પાઈયા ગહરે પાની પૈઠ, મૈં બાવરી ડુબનિ ડરી રહી કિનારે બૈઠ.." શોધની સત્યતાનું આ પ્રમાણ છે.જે શોધ કરે નહી,ઉંડાણમાં ઉતરશે નહી તે શું પ્રાપ્ત કરી શકશે? તે તો કિનારા ઉપર બેસીને જ જીવનની અનમોલ ઘડીઓને ગુમાવી દેવાનો ! ગુરૂની પ્રાપ્તિ ના માટે હું અને મારાપણાનો ત્યાગ તથા અભિમાન રહિત નિષ્કપટ શોધની આવશ્યકતા છે.

મોક્ષ-પ્રદાતા ગુરૂને તે જ પ્રાપ્ત કરી શકે છે કે જેનું પ્રારબ્ધ ઉચ્ચકોટિનું છે અને જે સંસારમાં સદગુણોની ખાણ બનીને જીવનના ચરમ લક્ષ્યની પ્રાપ્તિના માટે પ્રયત્ન કરે છે.પ્રભુ પરમાત્માની પરમકૃપા જ જિજ્ઞાસુઓને ગુરૂ સાથે ભેટો કરાવે છે.જિજ્ઞાસુ ભાવથી યાચના કરનારને હરિદાન આપનાર, બ્રહ્માનુભૂતિ કરાવનાર ભૂલેલા ભટકેલા પ્રાણીઓને પરમતત્વમાં લીન કરવા તથા માયાન્ધ વ્યક્તિને વિવેક નેત્ર પ્રદાન કરી કાળની સીમાથી બહાર પરમપિતા પરમાત્મા સાથે સબંધ જોડી આપનાર શક્તિનું નામ ગુરૂ છે.

ભારતીય વિચારધારા જન્મ-મરણના ચક્રની યર્થાથતામાં વિશ્વાસ રાખે છે તેમાંથી ગુરૂ મુક્ત કરી શકે છે.ત્રણે લોકમાં ગુરૂ સિવાય કોઈ મુક્તિનું સાધન નથી.તેમની પ્રેરણા અને માર્ગદર્શનથી જ જીવ પ્રભુ ભક્તિ કરી શકે છે તથા રાત દિવસ તેનામાં મગ્ન રહીને પોતાની માનસિક તથા આધ્યાત્મિક ભૂખ શાંત કરી શકે છે.ગુરૂ પોતે એક તીર્થ છે.તેમના ચરણોમાં બેસવા માત્રથી પાપો ધોવાઈ જાય છે.તે સંતોષનો ભંડાર હોય છે.વાસ્તવમાં જો ગુરૂ પૂર્ણ હોય તો પશુ સમાન પતિત અને કુટિલ મનુષ્યને પણ દેવત્વ-પદ પ્રાપ્ત કરે છે. તેમના હૃદયમાંથી હંમેશાં નીકળતી બ્રહ્મજ્ઞાનની સુગંધ વિશ્વ પ્રકૃતિને સુગંધિત કરે છે.આવા મહામાનવના ચરણોમાં શિશ ઝુકાવવાથી અવશ્ય કલ્યાણની પ્રાપ્તિ થાય છે.સદગુરૂ સમાજના દરેક વ્યક્તિને બ્રહ્મજ્ઞાન પ્રદાન કરીને પોતાના મૂળ સ્વારૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવીને વ્યક્તિ તથા સમાજને સ્વર્ગીય આનંદ પ્રદાન કરે છે.

હવે સહજમાં જ પ્રશ્ન થાય કે મુક્તિદાતા,જીવ-બ્રહ્મમાં એકત્વ સ્થાપિત કરનાર તથા સંસારના વિષય વિકારોમાંથી મુક્તિ અપાવનાર ગુરૂ ક્યાંના નિવાસી હોય છે? શારીરિક રૂપમાં તે ભલે દુનિયાદારી દેખાય પરંતુ વાસ્તવમાં તે આ વિલાસી જગતના હોતા નથી,તે દુનિયાના નરકમાં તડપતી માનવતાના મસીહા ભૌતિકરૂપ લઈને આવે છે તેમછતાં તે સ્વયમ્ પરબ્રહ્મ પરમાત્માના પ્રતિનિધિ હોય છે.ગુરૂ દેહમાં જ સ્થિત હોતા નથી,તે પ્રભુથી અભિન્ન હોય છે,તે સાકાર હોવા છતાંપણ નિરાકાર હોય છે,તે જીવોનું કલ્યાણ કરવા માટે દેહ ધારણ કરતા હોય છે.આ જગતના કોઈ બંધન તેમને હોતા નથી.ગુરૂ એ પ્રભુએ મોકલેલ દૂત છે.જે સંસારના કલ્યાણના માટે પ્રભુથી વિખૂટા પડેલ જીવોને પરમાત્માની સાથે જોડવા માટે આવે છે.

હવે પ્રશ્ન થાય કે ગુરૂ પણ અમારી જેમ જ માનવ છે તો પછી તેમને વિશેષતા કેમ આપવામાં આવે છે? તેનો જવાબ એ છે કેઃગુરૂનો અમારી જેમ જ માનવ દેહ હોય છે પરંતુ તેમનામાં પરમાત્મા પ્રગટ રૂપમાં હોય છે.પરમાત્મા દરેકમાં છે જ પરંતુ "સબ ઘટ મેરા સાંઈયા સૂની સેજ ના કોઈ, બલિહારી તિસ ઘટકી જા ઘટ પ્રગટ હોય.." ગુરૂમાં જે સત્તા પ્રગટ છે તે બીજાઓમાં પણ પ્રગટ કરતા હોય છે એટલા માટે જ તે માનવ શરીરને અમે વિશેષ માનીએ છીએ,તેમની પૂજા કરીએ છીએ.


મનુષ્યએ પોતાના જીવન લક્ષને પ્રાપ્ત કરવા, જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થવા કોઈ સાચા ગુરૂની શોધ કરવી જોઈએ.ગુરૂ એક એવી શક્તિ છે જેમની અનુપસ્થિતિમાં મનુષ્ય પાસે બધું જ હોવાછતાં પણ શૂન્ય છે,તે કસ્તુરી મૃગની જેમ પોતાની અંદરથી જ આવતી સુગંધને જંગલોમાં, પહાડો,તિર્થોમાં શોધતો ફરે છે,તેને કોઈ વાસ્તવિકતા સમજાવી દે તો તેને કેટલી અલૌકિક શાંતિ મળે ! સર્વત્ર સાક્ષાત બ્રહ્મ વિધમાન છે તેમની સુગંધી એટલે કેઃ માયા કે પ્રકૃતિ ચારે દિશામાં ફેલાયેલ છે પરંતુ ગુરૂરૂપી સોપાન વિના આ સ્થિતિને પ્રાપ્ત કરવી અસંભવ છે.ગુરૂ સત્ય-અસત્યનો માપદંડ છે.સંસાર સાગરથી પાર કરાવનાર નાવિક તથા મહાનતમ તીર્થ છે,જેના દર્શન કરવાથી અડસઠ તીર્થોનું પુણ્ય પ્રાપ્ત થાય છે.

સદગુરૂના આદેશ-ઉપદેશને માનનાર,તેમના આદેશ મુજબ આચરણ કરનાર ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને તેમાં લીન થઈ જાય છે.ગુરૂ વચનોની સહાયતાથી તેને કાળનો ભય રહેતો નથી.જ્યાંસુધી સદગુરૂની શરણાગતિ લેવામાં આવતી નથી ત્યાંસુધી પ્રભુ મિલનની વાતો ફક્ત કોરી કલ્પના જ છે.

આત્મા જ્યારે પોતાનું અલગ અસ્તિત્વ નથી..એવું સમજી ઈશ્વરમાં લીન થઈ જાય છે એટલે કે અંશ અંશીમાં સમાઈ જાય છે તો મનુષ્યને સંસારમાં પુનઃજન્મ લેવો પડતો નથી.બ્રહ્મમાં લીન થયા પછી તેનું અલગ વ્યક્તિત્વ? રહેતું નથી,તેને જ મોક્ષ કહેવામાં આવે છે.ગુરૂ માર્ગ-પ્રદર્શક જ્યોતિ છે તેના વિના અવિવેકના અંધકારમાં રસ્તાની શોધ કરવી અસંભવ છે.ગુરૂ અને પરમાત્મામાં મોટું કોન? આ પ્રશ્ન ઉપર પુરાતન કાળથી વિચારો થઈ રહ્યા છે.શું આ બંન્ને એક છે? શું બંન્નેમાં અંતર છે? આ પ્રશ્ન પણ આ સંદર્ભમાં વિચારણીય છે.અદ્વૈતવાદી વિચારક બંન્નેના એકત્વ સિધ્ધ કરવા માટે નિઃસંકોચ કહી ઉઠે છે કે "ગુરૂ જ બ્રહ્મા છે,ગુરૂ જ વિષ્ણુ છે અને ગુરૂ જ શંકર ભગવાન છે,ગુરૂ જ સાક્ષાત પરબ્રહ્મનું રૂપ છે એટલે કે સંસારમાં ઉત્પત્તિ, પોષણ અને શાંત કરવાવાળી ત્રણે શક્તિઓ ગુરૂમાં હોય છે."

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# એષા ખુલ્લી કિતાબ -પ્રકરણ ૧૫




રોહિતનાં કથળતાં જતાં સ્વાસ્થને સાચવવા શરૂ થઈ, એક નવી ટ્રીટમેન્ટ, એમ જ કહોને કે એક નવી અજમાયેશ જ તો વળી.

આ નવી રશિયન રસીની અસર દર ૮ કલાકે જોવાની હતી લોહીનાં કેન્સર કણોની સામે આ રસી એન્ટિબોડી પેદા કરવાના હતા. રોહિતને થતા દર્દને નિવારવા અપાતી દવાઓમાં રસીને સક્રિય કરવા નોંધપાત્ર ઘટાડો કર્યો હતો છતાંય પીડા તો થતી હતી. અને તે પીડાને રોહિત વેઠતો હતો. તેની નબળાઈ તો ઘટવાનુ નામ જ લેતી નહોંતી. આખા આણંદમાં શિવાનંદજીની ભવિષ્ય વાણીએ અજબ શ્રધ્ધાનું વાતાવરણ ઊભું કર્યુ હતુ, લોકો અખંડ જાપ અને ભજન કરતા હતા. ડૉ.રોહિત આણંદનું ગૌરવ અને આગવું વ્યક્તિત્વ તો હતા.

લોકોનાં વિશ્વાસ અને માનને જોતા ધ્રુમિલ અને ઋચા પણ ગદગદ થઈ જતાં. ક્યારેક અઠવાડિયા પસાર થઈ જતાં અને કોઈ ધારી અસર દેખાતી નહોંતી તેથી સૌનો ઉચાટ વધી રહ્યો હતો. એષા માટે તો જાણે આ એક જંગ જ હતો. લેબોરેટરીની દરેક સ્લાઈડોમાં દેખાતા કેન્સર કણો ક્યારે ઘટે તેની ચિંતા હતી.

આજે સવારે ઊઠી જ રોહિતે કમ્મરમાં સખત દુખાવાની ફરિયાદ કરી. દવાના જોરે દર્દ દબાવવાને બદલે એષાએ તેને માલિશ અને મસાજથી રાહત આપવાની ઝુંબેશ ઉપાડી. છેક મોડી સાંજે તેણે ભાન ગુમાવ્યુ ત્યારે કાર્તિકે ઋચાને કહ્યું, "રસીની અસર જણાતી નથી. હમણાં સૌ અહીં જ રહેવું જોઈએ એવું મને લાગે છે."

એષા ઉતાવળા અને ઉચાટભર્યા અવાજે બોલી ઊઠી, " તમે લોકો નકામા ના ગભરાવો."

પણ એનાથી સત્ય નજરઅંદાજ કરી શકાય એમ નહોતું એ તો એષા પણ જાણતી હતી,સમજતી હતી.

રોહિતને ફરીથી એક બૂસ્ટર ડોઝ આપવામાં આવ્યો. શક્ય છે એ બૂસ્ટર ડોઝની અસર થાય. આશા અને અજમાયેશ છોડવી નહોતી.

રોહિત આ દરેક ગતિવીધીને સમજતો હતો. ચમત્કારોમાં તો એ માનતો નહોતો પણ શિવાનંદજીની વાતોથી તેના મનમાં પરમ તત્વ તરફ

શ્રદ્ધા જાગી હતી. અંદરથી એને અજબ જેવી શાંતિનો અનુભવ થતો હતો, ફક્ત એષા વિશે વિચારતા તેની આંખો ભરાઈ જતી.

એનાં આંસુ જોઈને સૌ ઢીલા પડી જતાં. રોહિતને હવે પોતાના દર્દ કરતા એષાના ભાવિની ચિંતા કોરી ખાતી.

રાતના સમયે મહદ અંશે એષા તેની સાથે જ રહેતી. ઉંઘની દવા તેને બહુ દર્દ હોય તો જ અપાતી. એષા અને રોહિત ઘણી વખત ભૂતકાળ યાદ કરતાં.

જાણે-અજાણે એષાને કરેલા અન્યાયની વાત રોહિત કરતો તો એષા એને રોકી લેતી અને કહેતી,

" જે રાત ગઈ તેની વળી વાત શું?"

રોહિત કહેતો, " જો હવે મને સમય મળશે તો મેં કરેલ સર્વ ઊપેક્ષાનાં દંડની સજા હું મને આપીશ."

એષા ઘણી વખત એના એ વલણો ને હસી કાઢતી અને રોહિત પર હાવી થતાં નિરાશાનાં વાદળોને વિખેરી નાખવા મથતી.

સતત નિરાશાજનક મળતા બ્લડવર્કના રિપૉર્ટ જોતાં રહેતાં એષા અને કાર્તિક ઘણાં સમય પછી રેડ બ્લડસેલ કાઉન્ટ વધેલા જોઈને રાજી થયાં.

રોહિતને પણ તે દિવસે ઘણુ સારુ લાગતું હતું.આશિતે હોર્મોન્સ ઘટાડવા શરુ કર્યા અને બધી હિમેટોલૉજિકલ સ્લાઈડ્સ ડૉ, સંદિપ શાહને મોકલી આપી. ૨૮મા દિવસે વ્હાઈટ બ્લડસેલ્સ કાઉન્ટ ઓછા થયા. આટલી વાતથી એષાના મનમાં ફરી એક વાર આશાનો સંચાર થયો. ડૂબતો તરણું ઝાલે એમ એણે આ ટ્રીટમેન્ટ ચાલુ રાખવા કાર્તિક સાથે વાત કરી.

એષા તે દિવસે ખુશ હતી. પ્રભુ આંગણે જઈને ખરા મનથી પ્રભુને પ્રણામ કરી તે બોલી પ્રભુ!, "તમારા આશીર્વાદ થકી આ દિવસ જોવા મળ્યો."

શિવાનંદજીએ આવીને કહ્યું, "રોહિતભાઈ તમે જે સદકાર્યો કર્યા હતા તે પુણ્ય ફરી વળ્યા..હવે પથારી છોડી લોક કલ્યાણનાં કામ શરુ કરો."

જેમ જેમ સમાચાર ફેલાતા ગયા તેમ સૌ રોહિત પર પ્રભુની મહેરબાનીને વધાવતા ગયા.

એષાને હવે થાક લાગતો હતો પણ, રોહિત હવે એષાને પળ માટે પણ આંખથી દૂર થવા નહોંતો દેતો..એષાએ પોતાના જીવને ધર્મ અને હકારાત્મક માર્ગે વાળવા મથતી હતી જ્યારે રોહિત તેની સાથે જ એકાકાર થઈ રહ્યો હતો. રોહિત સાથેના સહજીવનના આરંભે એષા જે ઝંખતી હતી એ સખ્ય અને ઐક્ય આજે એ પામી રહી હતી.

સમય સરતો જતો હતો. મહિનાઓ, વર્ષો પસાર થઈ રહ્યાં હતાં. કાર્તિક અને રૂચાનાં પરિવારમાં બે અને ધ્રુમિલ અને જાનકીના પરિવારમાં એક સંતાનનો ઉમેરો થયો હતો.

# માનવ એકતાની સાંકળ




હું માનવી માનવ થાઉં તો ઘણું" જાણીતા લેખક/કવિની આ પંક્તિ સાચી છે કે નહિ?'મનુર્ભવ'પણ માનવીને જ કહેવું પડ્યું છે ને? અર્થાત, માનવી તું માનવ બન. ક્યારેય કોઈ પશુ-પક્ષી માટે કોઈને કહેતાં સાંભળ્યા છે? કે કૂતરા તું કૂતરો બન, ગીધ તું ગીધ બન કે ગધેડા,તું ગધેડો બન, ઉલટાની હમેશા માનવીની તુલના જ પશુ પક્ષીઓ સાથે થઈ છે તે પછી

સારી હોય કે ખરાબ.

માનવી કાળો કે કર્કશ સ્વભાવનો

હોય તો કાગડા જેવો

માનવી લુચ્ચો હોય તો શિયાળ જેવો

માનવી ઠગ હોય તો બગલા જેવો

તે જ રીતે સારા ગુણો માટે પણ

મધૂર અવાજ હોય તો કોયલ જેવો

વફાદાર હોય તો કૂતરા જેવો બહાદૂર હોય તો સિંહ જેવો

સ્વભાવે ગરીબ હોય તો ગાય જેવો.

આમ, માનવીની તુલના પશુ-પક્ષીઓ સાથે થાય છે માટે જ કહે છે "નર ઔર પશુ એક સમાન જ્ઞાન અધિક ઈક નર મેં જ્ઞાન બિના પશુ જાન" જો જ્ઞાન ન હોત તો મનુષ્ય પશુ સમાન જ હોત, પણ સંત નિરંકારી મિશનના તત્કાલિનસદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજે જ્ઞાન આપીને માનવીને માનવ બનાવી દીધો અને માનવીને મહાપુરૂષનું બિરૂદ પણ આપ્યું. આ બધુંએક હદ સુધી સિમીત નથી રાખવાનું માટે જ સમયના સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજપણ ઈચ્છે છે કે આ માનવતાનીમહેક જન-જન સુધી પહોંચે અને કહે છે કે "ચેરીટી બિગેન્સ એટ હોમ" એ ન્યાયે માનવતામાંથી માનવ એકતા જન્માવવાનું બીડું સંત નિરંકારીમિશને ઝડપ્યું છે. માનવ એકતા ઘરમાંથી શરૂ થશે તો તે પાડોશ સુધી અને ધીમે ધીમે સમાજ સુધી, દેશ સુધી તથા દુનિયાના ખૂણે ખૂણે સુધી આ પહોંચશે.

એકતા-એકત્વ, વનનેસને ઓળખવી અઘરી નથી. આપણે સૌએ સાંભળેલી વાત દાસીને (મને) યાદ આવે છે. " વૃધ્ધ કરસન કાકા મરણપથારીએ હતાં. તેમનેત્રણ પુત્રો હતા. પણ ત્રણેય પુત્રોમાં જોઈએ એવો સંપ ન હતો. આથી, કાકાને ખૂબ ચિંતા થવા લાગી. મારા મૃત્યુપછી પણ આ લોકો અરસપરસ એકતાથી નહિ જિવે તો?કાકા જ્ઞાની હતાં તેમણે યુક્તિ કરી. ત્રણેય પુત્રોને બોલાવ્યા. ત્રણેયને એકએક લાકડી આપી અને લાકડી તોડવા કહ્યું ખૂબ ઓછી મહેનતે લાકડી તૂટી ગઈ. પછી પાંચ-સાત લાકડીનો ભારો બનાવીને એકસાથે લાકડીઓ છૂટ્ટી કર્યા વગર તોડવાનું કહ્યું,ત્રણેય પુત્રોએ વારાફરતી ખૂબ મહેનત કરી પણ લાકડીઓ તૂટીનહિ. બસ, કાકાનેજિવંત ઉદાહરણ મળી ગયું તેમણે પૂત્રોને બોલાવીને સમજાવ્યા અને કહ્યું, જોયું આ લાકડીઓ જ્યાં સુધી એક એક હતી અર્થાત છૂટ્ટી હતી ત્યાં સુધી તમે એક ઝાટકે તોડી નાખી પણ લાકડીઓ ભેગી થયેલી એટલે કે એકતાવાળી લીધી તો તમે એને તોડી ના શક્યા.

બસ, આ જ રીતે જો તમે અલગ અલગ રહેશો તો સમાજ તમને ડરાવશે, તોડી પાડશે, નુકશાન પહોંચાડશે,પણ જો તમે સૌ સંપીને રહેશો તો કોઈ તમારો વાળ પણ વાંકો નહિ કરી શકે. આ કહેવાય એકતા- માનવ એકતા....! આજે સમય પણ એ જ આવ્યો છે કોરોનાને હરાવવાનો .. એ પણ એકતાથી જ, સંપથીજ શક્ય બનશે. આપણે સૌ જીતીશું અને કોરોના હારશે જ એમાં શંકાને જરા પણ સ્થાન નથી.

એકતાથી આપણે આઝાદી મેળવી શક્યા. આજે દરેક ફિલ્ડમાં યુનિયનો જોવા મળે છે. અરે, નિવૃત્ત થયેલા પેન્શનરોનુંપણ યુનિયન હોય છે. ઘરકામ કરનારાઓનું પણ યુનિયન હોય છે. દરેક કચેરીઓમાં પણ યુનિયન હોય છે. આ યુનિયન-યુનિટી એટલે જ એકતા....!

માનવ એકતાની જરૂર શા માટે છે? માનવ એકતા ગરીબી-અમીરીનો, ઉંચ-નીચનો,ભણેલા-અભણ વચ્ચેનો તથા ગોરા અને કાળા વચ્ચેનો ભેદ મિટાવે છે. અહિં સંત નિરંકારી મિશન સર્વ ધર્મ સમાનની ભાવના લઈને ચાલે છે. જેમાં નથી કોઈ ધર્મભેદ, જાતિભેદ, છે તો ફક્ત એકતા- વનનેસ. અહિ ફરી ગાંધીનગરની જનતાને પુનઃ જાણ તથા આમંત્રણ પાઠવું છું કે સંત નિરંકારી સત્સંગ ભવન,ગાંધીનગર માં સેક્ટર – ૩૦ ખાતે, શાંતિવન સોસાયટી, સામે, ચીપ ટાઈપ શોપીંગની સામે, ચ- રોડ પર આવેલ છે. જ્યાં દર રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી અને દર ગુરૂવારે સાંજે ૭.૦૦ થી ૮.૩૦ સુધી સત્સંગના કાર્યક્રમનું આયોજન થાય છે જેમાં દરેક વ્યક્તિ કોઈપણ જાતના ભેદભાવ વગર આ સત્સંગનો નિઃશુલ્ક લાભ લઈ શકે છે. વધુ વિગતો માટે નીચેજણાવેલ સત્સંગીભાઈ-બહેનોનો સંપર્ક કરી શકે છે.

મિશનના ઝોનલ ઈંચાર્જ શ્રી સોહનબીર બલિયાનજી ૯૫૩૬૭૦૩૪૭૮ અથવા

શ્રીસંકેતભાઈ પટેલ – ૮૩૦૬૨૪૯૯૯

શ્રી સંતોષભાઈ પવાર – ૯૯૭૯૧૪૯૭૭૯

શ્રીમતી લક્ષ્મીબેન મુરલીધર વાધવાણી - ૯૮૯૮૦૧૨૬૯૨

લક્ષ્મી વાધવાણી
(ગાંધીનગર-ગુજરાત)

# ઉદયપુરના કનૈયાલાલની કરપીણ હત્યા વિશે 'વિશેષ સંવાદ' !

## સમાજવિઘાતક પ્રવૃત્તિ ધરાવતા લોકોના ઘર પર જ નહીં, જ્યારે આ જેહાદી વિચારસરણી પર પણ બુલડોઝર ફેરવવો પડશે ! - શ્રી. વિનોદ બંસલ, વિહિંપ



રાજસ્થાનના ઉદયપુર ખાતે કનૈયાલાલ નામક હિંદુની જેહાદીઓએ કરેલી કરપીણ હત્યા આ કાંઈ સામાન્?ય ઘટના નથી, જ્યારે આ દેશના સાર્વભૌમત્વ સાથે જ અહીંના સભ્ય સમાજ, બંધારણ અને લોકશાહી પર જ આક્રમણ છે. આ હત્યા પાછળ કેવળ બે મુસલમાનો હોવાને બદલે તેની પાછળ તેમનું 'બ્રેઈન વોશ' કરનારા મદરેસા, મૌલવીઓ અને કટ્ટરવાદી ઈસ્લામી સંગઠનો જવાબદાર છે. હિંદુઓની હત્યા કરનારા આવી સમાજવિઘાતક પ્રવૃત્તિ ધરાવનારાઓના કેવળ ઘરો પર જ નહીં, જ્યારે આ જેહાદી વિચારસરણી પર પણ 'બુલડોઝર' ફેરવવો પડશે. સરકાર, પ્રશાસનતંત્ર જો આ જેહાદીઓને નિયંત્રણમાં લેશે નહીં, તો હિંદુ સમાજે દોષીઓ પર કાર્યવાહી કરવા માટે સંગઠિત થવું પડશે, એવી ચેતવણી 'વિશ્વ હિંદુ પરિષદ'ના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. વિનોદ બંસલે આપી છે. હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'ભારતમાં વધતી જતી તાલિબાની માનસિકતા ?' આ વિષય પરના ઑનલાઈન વિશેષ સંવાદમાં તેઓ બોલી રહ્યા હતા.આતંકવાદનું પ્રશિક્ષણ આપનારા મદરેસાઓ બંધ કરો ! - હિંદુ જનજાગૃતિ સમિતિ

ઉદયપુરમાં કનૈયાલાલની દુકાનમાં ગ્રાહક બનીને છૂપી રીતે મુસલમાનોએ તેમની હત્યા કરી, કમલેશ તિવારીની પણ આ રીતે જ હત્યા કરવામાં આવી હતી. આ વીરતા નથી, જ્યારે નપુંસકતા છે. હિંદુ સમાજ આવો નથી. ઊલટું બંધારણીય સ્વરૂપે પોતાની બાજુ સામા પક્ષ સમક્ષ પ્રસ્તુત કરે છે. જરાય સંયમ રાખ્યા વિના છૂરો લઈને હત્યા કરવી, આ કયો ધર્મ છે ? 'આતંકવાદનો આરંભ મદરેસાઓની માનસિકતામાંથી ચાલુ થાય છે', એવું કેરળ ખાતેના રાજયપાલ મહંમદ આરિફે કહ્યું છે. જે રીતે ચીને મદરેસાઓમાં શું શીખવવું અને શું નહીં, તેના પર નિયંત્રણ મૂક્યું, તે રીતે ભારત સરકારે પણ કરવું જોઈએ. સરકારે મદરેસાઓને નિધિ આપવાનું બંધ કરવું, તેમજ આતંકવાદી પ્રશિક્ષણ આપનારા મદરેસાઓ બંધ કરવા જોઈએ. 'એન.આય.એ. (NIA)'એ કેવળ હિંદુઓની હત્યામાંના દોષીઓની જ તપાસ કરવાને બદલે આ હત્યા કરનારાઓને પૈસો પૂરો પાડતા લોકો, તેમને આશ્રય અને પ્રશિક્ષણ દેનારા સહુકોઈની તપાસ કરવી જોઈએ, એવી માગણી હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ કરી.

ભારતને જેહાદીઓથી મુક્ત કરવા માટે કેંદ્રએ સૈન્યને છૂટ આપવી ! - લશ્કર-એ-હિંદ

નુપૂર શર્માનું સમર્થન કરનારી પોસ્ટ સોશીયલ મીડિયા પરથી પ્રસારિત કર્યા પછી કનૈયાલાલને તેમના જીવને જોખમ હોવાનું ધ્યાનમાં આવ્યું ત્યારે તેમણે ઉદયપુર પોલીસમાં ફરિયાદ કરી; પણ રાજકીય હેતુથી પ્રેરિત રાજસ્થાન પોલીસે તેના ભણી દુર્લક્ષ કર્યું. જો પોલીસે સમયસર કાર્યવાહી કરી હોત, તો કનૈયાલાલની હત્યા ટળી ગઈ હોત.

જેહાદી માનસિકતા જાળવનારા આતંકવાદી કેવળ હિંદુઓની જ નહીં, જ્યારે ખ્રિસ્તી, પારસી, યહુદી સાથે જ જેલોકો 'ઈસ્લામ' માનતા નથી, તે બધાની જ હત્યા કરે છે. કટ્ટરતાવાદી માનસિકતાનો અંત લાવવા માટે અને ભારતને આતંકવાદથી મુક્ત કરવા માટે કેંદ્ર સરકારે પોલીસ અને સૈન્યને છૂટ આપવી જોઈએ, એવો સજ્જડ મત 'લશ્કર-એ-હિંદ'ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી. ઈશ્વરપ્રસાદ ખંડેલવાલે વ્યક્ત કર્યો.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ
સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬

# કોર્ટે કનૈયાલાલના હત્યારાઓને ૧૨ જુલાઈ સુધી ૧૦ દિવસના રિમાન્ડ પર મોકલી દીધા

જયપુર,તા.૨

ઉદયપુર કનૈયાલાલા હત્યાકાંડના ચારેય આરોપીઓને શનિવારે બપોરે દોઢ વાગે જયપુર એનઆઈએકોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે. તેમને રજૂ કરતી વખતે વકિલોએ આરોપીઓને ફાંસી આપવાની માંગણી કરીને આરોપીઓને કોર્ટમાં જ માર્યા હતા. વકિલોએ આરોપીઓના કપડા પણ ફાડી નાખ્યા છે. જોકે પોલીસે વચ્ચે પડીને તેમને બચાવ્યા અને કોર્ટ રૂમમાં લઈ ગયા હતા.કોર્ટે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને હત્યારાઓના ૧૨ જુલાઈ સુધી ૧૦ દિવસના રિમાન્ડ આપ્યા છે. તાલિબાની હત્યાકાંડના મુખ્ય આરોપી ગૌસ મોહમ્મદ અને રિયાઝ જબ્બારને કડક સુરક્ષા વચ્ચે અજમેરથી જયપુર લઈ જવામાં આવ્યા છે. બંને અહીં હાઈ સિક્યુરિટી જેલમાં બંધ છે. બે અન્ય આરોપી મોહસિન અને આસિફ છે. આ બંને ટેલર કનૈયાના મર્ડરના કાવતરામાં સામેલ હોવાનું જણાવવામાં આવ્યું છે.

રાજસ્થાનના ઉદયપુરમાં કનૈયા લાલ હત્યા કેસમાં ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું હતુ કે હત્યાના આરોપી રિયાઝ અને ગૌસ મોહમ્મદનું પાકિસ્તાનના હેન્ડલરો બ્રેઈનવોશ કરી રહ્યા હતા. તેઓ ભારતમાં મોટી ઘટનાને અંજામ આપવા માટે સતત ઉશ્કેરી રહ્યા હતા. આટલું જ નહીં, નુપુર શર્માના નિવેદન બાદ પાકિસ્તાની હેન્ડલરોએ રિયાઝ અને ગૌસને ભારતમાં એવા બ્લાસ્ટ કરવા કહ્યું હતુ કે આખો દેશ હચમચી જાય.

હાલ એનઆઈએએ ઉદયપુર હત્યાકાંડમાં તપાસ શરૂ કરી છે. આજે એનઆઈએની ટીમે જયપુરમાં બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરશે. ગુપ્તચર વિભાગના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની હેન્ડલર સલમાન હૈદર અને અબુ ઈબ્રાહિમે કનૈયાલાલના હત્યારા રિયાઝ અને ગૌસ મોહમ્મદનું બ્રેઈનવોશ કર્યું હતુ. પત્રકારોના જણાવ્યા મુજબ, જ્યારથી નૂપુર શર્માનું નિવેદન સામે આવ્યું છે ત્યારથી જ બંનેને દેશમાં કોઈ મોટો બ્લાસ્ટ કરવા માટે ઉશ્કેરવામાં આવી રહ્યા હતા.



ગુપ્તચર વિભાગના સૂત્રોનું કહેવું છે કે બંને આરોપીઓ જ્યારે પણ પાકિસ્તાની હેન્ડલર સાથે વાત કરતા ત્યારે તે ઈસ્લામ માટે તેમને કંઈક મોટું કરવા માટે ઉશ્કેર્યા કરતો હતો. આ બંને આરોપીઓ બોમ્બ બ્લાસ્ટ માટે આરડીએક્સ મેળવવા માટે તપાસ કરતા હતા. જો કે, હવે ક્રૈંછ આ કેસની તપાસ કરશે, ત્યાર બાદ જ આખો મામલો બહાર આવશે. બીજી તરફ, શનિવારે પાંચમાં દિવસે વહીવટીતંત્રે ઉદયપુરમાં ૪ કલાક માટે કર્ફ્યુમાં છૂટ આપવાની જાહેરાત કરી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ તારાચંદ મીણાના આદેશ મુજબ બપોરે ૧૨ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી છૂટછાટ આપવામાં આવશે. આવી સ્થિતિમાં લોકો પોતાની રોજીંદી જરૂરિયાતો લેવા માટે બહાર જઈ શકશે. ૧ જુલાઈના રોજ શહેરમાં જગન્નાથ રથયાત્રા શાંતિપૂર્ણ રીતે નિકળ્યા બાદ શનિવારથી કર્ફ્યુમાં રાહત મળે તેવી આશા જાગી હતી. જો કે રવિવાર સુધી ઈન્ટરનેટ બંધ રહેશે. આ હત્યાકાંડના વિરોધમાં શનિવારે પણ રાજસ્થાનના ૫ જિલ્લામાં બંધનું એલાન આપવામાં આવ્યું છે.

જ્યારે, તપાસ એજન્સીઓ શનિવારે ગૌસ મોહમ્મદ અને રિયાઝ જબ્બાર સાથે સંબંધિત ઘણા એંગલની તપાસમાં પણ વ્યસ્ત છે. આ સાથે શનિવારે ધરપકડ કરાયેલા આ બંનેના સાથી મોહસીન અને આસિફની પણ પૂછપરછ થઈ શકે છે. પોલીસના જણાવ્યા અનુસાર કનૈયાલાલની હત્યાના કાવતરામાં આ બંને યુવકોનો પણ હાથ હતો.

ઉદયપુરમાં કનૈયાલાલ હત્યા કેસને લઈને શનિવારે ઘણા શહેરોમાં બજારો બંધ રહેશે. કોટામાં હિન્દુ સંગઠનો વતી બંધ બોલાવવામાં આવ્યું છે. જેને સ્થાનિક વેપારીઓનો ટેકો છે. વેપારી સંગઠને અલવરમાં બંધનું એલાન આપ્યું છે. ભરતપુરમાં સર્વ સમાજ અને હિન્દુ સંગઠનોએ બંધનું એલાન આપ્યું છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

વિભાગ : ગદ્ય

વિષય : પરંપરાગત રથયાત્રા

શબ્દો :૩૨૧

જેવી રીતે પુરી (ઓરિસ્સા) માં જગન્નાથજીનું મંદિર છે એવી જ રીતે વિશ્વેશ્વર કાશીમાં પણ એમનું મંદિર એ એક ભક્ત પર થયેલી પ્રભુકૃપાનું ફળ છે. પંડિત બેનીરામને આ યશ જાય છે કાશીમાં રથયાત્રા શરૂ કરવાનું જે એમનાં વંશજોએ પરંપરાગત ચાલુ રાખી છે. જગન્નાથ પ્રત્યે અનન્ય ભક્તિ રાખનાર બ્રહ્મચારીજી પુરીમાં મુખ્ય પૂજારી અને આયોજક હતાં.

ઈ.સ.૧૭૯૦ માં પુરીનાં રાજા સાથે ઉગ્ર મતભેદ થતાં તેઓ હંમેશ માટે કાશી આવી વસ્યા.ચુસ્તપણે કાવડમાં આવતાં પ્રસાદ સિવાય બીજું કોઈ અન્ન ગ્રહણ ન કરતાં. પુરીનાં રાજાને આ ખબર હતી તેથી તેઓ દર અઠવાડિયે કાશી આ ‘બેહંગી‘ નામે ઓળખાતો પ્રસાદ વર્ષો સુધી બ્રહ્મચારીને મોકલતાં રહ્યાં.

એક વાર ભયંકર પૂર આવવાથી આ પ્રસાદ ઘણાં દિવસો સુધી ન આવ્યો.બ્રહ્મચારી ભૂખ્યા રહ્યાં.એમની આવી અનન્ય ભક્તિ જોઈ જગન્નાથજીએ સ્વપ્નમાં આદેશ આપ્યો કે અહીં કાશીમાં જ મારી પ્રતિષ્ઠા કર અને મને ધરાવેલ ભોગનું ગ્રહણ કર.

આથી પ્રેરિત થઈને બ્રહ્મચારીએ ભોસલા રાજ્યનાં મંત્રી પંડિત બેનીરામ અને કટક રાજ્યના દિવાન વિશ્વંભર પંડિતની સાથે વાત કરી.આ બંને ભાઈઓ હતાં અને એમની વાત સાંભળી ભોસલા રાજ્યનાં રાજા બૈક્રોજીએ ભરપૂર ધનરાશિ આપી પુરી જેવું જ મંદિર તૈયાર કરાવ્યું.

પુરીમાં મંદિરનો કારભાર રાજા પાસે રહેતો,તો કાશીનો પૂરો વહીવટ છત્તીસગઢમાં તખતપુરનો મહેલ દાન કરી ચલાવવાનો આદેશ પંડિત બેનીરામને રાજા બૈક્રોજીએ સોંપ્યો.જેવી રીતે પુરીમાં રથયાત્રા રાજમહેલ પાસેથી પસાર થતી એવી જ રીતે કાશીમાં પંડિત બેની રામના રહેઠાણ પાસેથી પસાર થતી.

આમ અવિરત ચાલુ રહેલી પ્રણાલિ ઈ.સ.૧૮૫૭ નાં બળવા બાદ તૂટી કારણકે અંગ્રેજોએ છત્તીસગઢની રાજાની સંપત્તિ પર ગેરકાયદેસર કબજો જમાવ્યો.આજ સુધી પંડિત બેનીરામનાં વંશજો જગન્નાથ મંદિર (કાશી)અને રથયાત્રાનું આયોજન કરે છે.આજે પણ પૂજા,ભોગ અને અનુષ્ઠાન પુરીનાં મંદિર પ્રમાણે જ થાય છે.ત્રણ દિવસ માટે જગન્નાથજી પંડિત બેની રામનાં ઘરે જમાઈ તરીકે આગતાસ્વાગતા પામે છે . ત્યાર બાદ રથયાત્રા અને મેળાનું ધામધૂમથી આયોજન થાય છે.

બ્રહ્મચારીજી ઈ.સ.૧૮૧૮ માં પુરીની પ્રદક્ષિણા કરી કાશી આવ્યાં અને અસિ ઘાટ પર સમાધિ લીધી. એમનાં ધોતી ,ફોટોની આજે પણ પૂજા થાય છે.આમ ૨૧૮ વર્ષથી પૂજા થતાં જગન્નાથ કાશી મંદિર અસંખ્ય ભક્તોની આસ્થાનું પ્રતીક છે.કોરોનાનાં પ્રકોપે બે વર્ષ બાદ આ વર્ષે કાશીમાં ફરી ‘જય જગન્નાથ ‘ ગાજશે.

માયા દેસાઈ

મુંબઈ ભારત.

-----------------------------------------------

NOG SS No: 0089

વિષય : જગન્નાથ પુરી

શીર્ષક : પુરી નગરી

પ્રવિણા કડકિઆ

અષાઢી બીજ , જગન્નાથ પુરીની રથ યાત્રા. જીવનમાં માણવા જેવો લહાવો . મિત્રો એ ન બની શકે તો વાંધો નહી પણ જગન્નાથના દર્શને જીવનમાં એકવાર જરુર જવું .

આપણા દેશના વાસી હવે તો આખા વિશ્વમાં છવાયા છે. આપણા દેશની સંસ્કૃતિ તેમની સંગે સઘળે વ્યાપી છે.

સદીઓ પુરાણી આપણી સંસ્કૃતિની મહેક રેલાવી રહી છે.

ભગવાન જગન્નાથ , પ્યારી બહેન સુભદ્રા અને દાઉ ભૈયા રથયાત્રાને દિવસે રથમાં બિરાજે છે. આખા શહેરમાં તેમની રથયાત્રાના દર્શન કરવા માનવ મહેરામણ ઊમટે છે.

એ રથને ફેરવવા રાજઘરાનાના લોકો આવે છે. પ્રજા જનો પણ તે રથને ખેંચવા નો લહાવો લે છે.

વડીલોના આશીર્વાદ મળ્યા હોય તો જગન્નાથ પુરી જરુર જજો. ભાઈ બહેનની પ્રીત નજરે નિહાળવા મળશે.

નજરે જુઓ

મહિમા રથયાત્રા

દીપે જહાન

પ્રવિણા કડકિઆ

## રસ છે?

કોણ કોને કોને વશ છે?
કોણ કેટલું પરવશ છે?
પ્રિયતમા દગો દે ત્યારે,
જૂનો કે નવો વિવશ છે?
પરિણામની પરવા કર્યા,
કરેલા બધા કર્મો અવશ છે?
દોડોદોડી ગમે તેટલી કરો,
તમારા હાથમાં કયા જશ છે?
જેટલી ઘોળાય તેટલી ઘોળી,
બળ્યું આ કેરીમાં કયા રસ છે?
ભરત વૈષ્ણવ..૨.૭.૨૦૨૧.

## રાજુ રદીનું મોં ગરમ પવન જેવું થઇ ગયું!!!

“આનું શું કરવું?” રાજુ રદી બરાબર અકળાયો હતો. સવાલ પૂછતી વખતે સારેગમ સપ્તકની જેમ સૂર આરોહમાં ઊંચે ગયો હતો!

“ શેનું ? પાછી કોઇ છોકરીએ ઇકારનો કાંકરીચાળો કર્યો?” મેં રાજુની દુખતી નસ પર હાથ મુકયો!

“ ના ના એવું નથી.” રાજુ રદીએ કહ્યું.

“ રાજુ. રાષ્ટ્રપતિની ચૂંટણીનો મુદો ઉકેલાઈ ગયો છે” મેં કહ્યું

“એની કયાં ના છે!” રાજુએ કંટાળાથી કહ્યું.

“ મહારાષ્ટ્રનો મુદો ઉકેલાઈ ગયો.” મે કહ્યું.

“ મને ખબર છે.” રાજુએ મોં ફુંગરાવી જવાબ આપ્યો.

“યુક્રેન અને રશિયાનું યુધ્ધ હવે ચાંદલિયા લડાઇ થઇ ગયું છે!” મે કહ્યું.

“સમજ્યા હવે” રાજુનો ફિક્કો પ્રતિભાવ.

“રાજુ અગ્નિવીર યોજનાનો અણસમજુઓ વિરોધ કર્યો છતાં બે લાખથી વધુ ફોર્મ ભરાયા “ મેં સાંપ્રત પ્રવાહની વાત કરી.

તમને ખબર છે કે અમિતાભ અભિનિત “ અગ્નિપથ” ફિલ્મ બચ્ચાંને ડાયલોગ ડિલિવરીમાં ફેરફાર કરતાં પિટાઇ ગઇ હતી!” રાજુ રદી ધારણા કરતાં વધુ ઉગ્ર થયો.

“ ગિરધરભાઇ.હું પાકિસ્તાનની વાત કરૂં છું “ રાજુએ કહ્યું .

“પાકિસ્તાનની વાત ના કરીશ. તેનો જન્મ રોગ ચોઘડિયાંમાં નડતર નક્ષત્રમાં થયો છે!! આપણી સાથે આઝાદ થવા છતાં લશ્કરી શાસકોની લોખંડી એડી નીચે કચડાયું છે.” મેં ઇતિહાસનું દોહન કર્યું!

“ગિરધરભાઇ . પાક વાસ્તવમાં નાપાક છે.આપણા હાથે ત્રણ વાર ખોખરું કર્યુ છે છતાં આતંકવાદીઓ આપણા કાશ્મીરમાં મોકલે રાખે છે. પ્રોકસી વોર કરે છે છતાં થાકતું નથી.”મેં કહ્યું.

“ રાજુ. પાકિસ્તાનમાં પેટ્રોલ, ડીઝલના ભાવ ભડકે બળે છે.ખાવા ખીચડું નથી. અને એક હજાર વરસ લડવાનું પૂંછડું પકડીને બેઠા છે.” મેં કહ્યું.

“ શિયાળ અને ગધેડો કોઇ ખેતરમાં શેરડી ખાવા ગયેલા. શેરડી ખાધા પછી ગધેડાને ગાવાનું મન થયું.શિયાળાની નિરવ રાત હતી . ગધ્ધાભાઇએ બેસૂરા સૂરે હોંચી હોંચી ગાવા માંડ્યું. શિયાંળ જીવ બચાવવા વાડીના છીંડામાંથી ભાગી ગયું . ખેતરના માલિકે ગધેડાને મારી મારીને ધોઇ નાંખ્યું. આવું જ કાંઇક પાકિસ્તાનનું છે. કોઇ પણ આંતરરાષ્ટ્રીય મંચ પરથી પાકિસ્તાન કાશ્મીરનો બેસૂરો અને કર્કશ રાગ આલાપવાની કુટેવ છોડતું નથી!!!રાજુએ અફસોસ જાહેર કર્યો.

“ રાજુ. પાકિસ્તાન ભારતને તમામ મોરચે નડે છે, લડે છે, હારે છે. એટલે રડે છે!! પણ પાકિસ્તાન તરફના પવન પણ વેરી બન્યા છે. આ વર્ષે ચોમાસુ ધીમી ગતિએ આગળ વધી રહ્યું છે. સામાન્યપણે અત્યાર સુધીમાં કાશ્મીરમાં દસ્તક આપનારું ચોમાસુ ૧૨ દિવસથી યુપી-બિહારની હદ પર જ અટક્યું છે. તે ૧૭ જૂનના રોજ મઉ જિલ્લા પાસે પહોંચ્યું હતું, પરંતુ પાકિસ્તાનથી રાજસ્થાનના રણ થઇને આવતા ગરમ પવનને કારણે અટક્યું છે. આ પહેલા કર્ણાટકમાં પણ આ જ સ્થિતિ જોવા મળી છે, જ્યાં ચોમાસુ ૧૦ દિવસ સુધી અટક્યું હતું.” મેં કહ્યું

“હેં હેં હેં હેંએ” આમ ઉદગાર કરતા રાજુ રદીનું પાકિસ્તાનના રણમાંથી ફૂંકાતા ગરમ પવન જેવું મોં થઇ ગયું!!

ભરત વૈષ્ણવ

૨.૭.૨૦૨૨.

# સપ્તાહ દરમિયાન સોના-ચાંદીના વાયદામાં નરમાઈ: ક્રૂડ તેલમાં વૃદ્ધિ

નેચરલ ગેસ, કપાસ, મેન્થા તેલમાં સાર્વત્રિક ઘટાડોઃ કોટનમાં સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૦૯૯૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૮૫૧૬૭ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૫૩૮ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૪થી ૩૦ જૂનના સપ્તાહ દરમિયાન ૨,૪૩૩,૦૮૫ સોદાઓમાં કુલ રૂ.૨૦૬,૬૯૮.૧૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૨૦૯૯૨.૭૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૮૫૧૬૭.૩૦ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૯૯,૪૪૬ સોદાઓમાં કુલ રૂ.૫૭,૨૯૭.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૦,૫૪૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૧,૧૪૬ અને નીચામાં રૂ.૫૦,૪૧૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૭ ઘટી રૂ.૫૦,૫૧૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૭ ઘટી રૂ.૪૦,૫૧૮ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮ ઘટી રૂ.૫,૦૪૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૫૮૦ના ભાવે ખૂલી, રૂ.૧૧૧ વધી રૂ.૫૦,૭૧૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૯,૫૧૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૦,૭૨૯ અને નીચામાં રૂ.૫૮,૦૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૧૭૪ ઘટી રૂ.૫૮,૩૩૦ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૩૧૧ ઘટી રૂ.૫૯,૨૮૭ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧,૩૩૯ ઘટી રૂ.૫૯,૨૯૫ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩૧,૪૦૧ સોદાઓમાં રૂ.૨૧,૨૩૯.૯૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧ ઘટી રૂ.૨૦૮.૮૦ અને જસત જુલાઈ વાયદો રૂ.૧૯.૬૦ ઘટી રૂ.૨૮૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૪.૧૦ ઘટી રૂ.૬૯૪.૧૫ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૬.૬૫ ઘટી રૂ.૧૭૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૮૧,૫૧૩ સોદાઓમાં કુલ રૂ.૪૧,૮૨૩.૦૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૮,૧૫૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯,૦૧૫ અને નીચામાં રૂ.૮,૧૩૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૧૬૫ વધી રૂ.૮,૩૮૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫૨.૬૦ ઘટી રૂ.૪૪૭.૭૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫,૬૮૯ સોદાઓમાં રૂ.૬૩૨.૭૪ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૬૬૦ બંધ થયો હતો. કોટન જુલાઈ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૦,૯૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૩,૮૦૦ અને નીચામાં રૂ.૩૯,૮૨૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૦૧૦ વધી રૂ.૪૨,૭૩૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૨.૫૦ ઘટી રૂ.૧૦૧૩.૪૦ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૧,૮૬૨.૭૦ કરોડનાં ૪૩,૦૬૧.૦૩૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૫,૪૩૪.૩૬ કરોડનાં ૫,૮૮૮.૨૦૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૭,૬૦૨.૧૩ કરોડનાં ૨૦,૫૩૪,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૪,૨૨૧ કરોડનાં ૪૮૦૭૦૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૫૭૦.૩૮ કરોડનાં ૧૩૩૧૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૬૨.૩૩ કરોડનાં ૬૦૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૦૦૪.૧૮૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૩૭.૧૮૯ ટન, ક્રૂડ તેલમાં ૪૬૬૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૭૭૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૮૫૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૬૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૫૩૮.૦૯ કરોડનાં ૭,૫૩૦ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૨૭૩ના સ્તરે ખૂલી, ૧૦૫ પોઈન્ટ ઘટી ૧૪,૧૭૩ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮૫,૧૬૭.૩૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૨૫૬.૧૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૬૬.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૫,૩૮૩.૬૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫,૫૫૫.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

### એનએસયુઆઇના નવા પ્રમુખની વરણી પહેલા રાજીનામા પડ્યા

અમદાવાદ,તા.૨

ગુજરાત એનએસયુઆઈને નવા પ્રમુખ મળ્યા છે. નરેન્દ્ર સોલંકીએ નવા પ્રમુખનો ચાર્જ સંભાળ્યો હતો. જોકે, નવા પ્રમુખની વરણી પહેલા જ આંતરિક વિવાદ સામે આવ્યો છે. નરેન્દ્ર સોલંકીના ચાર્જગ્રહણ પહેલા અનેક કાર્યકર્તા નારાજ હોવાનુ સામે આવ્યુ છે. સાથે જ એનએસયુઆઇનાં નવા પ્રદેશ પ્રમુખનાં પદગ્રહણ બાદ એનએસયુઆઇના ગુજરાત પ્રદેશ મહામંત્રી ફરહાન ખાને રાજીનામુ આપ્યુ છે. આમ, કોંગ્રેસમાં નવો વિવાદ ઉભો થયો છે.

નરેન્દ્ર સોલંકી પદગ્રહણ સમારંભમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોર, યુથ કોંગ્રેસના પુર્વ પ્રમુખ ઇન્દ્રવિજયસિંહ ગોહિલ,એનએસયુઆઇના પુર્વ પ્રમુખ હાજર રહ્યા હતા. આ પ્રસંગે નરેન્દ્ર સોલંકીએ કહ્યુ કે, હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીને એનએસયુઆઇનો પ્રમુખ બનાવ્યો તે બદલ શિર્ષસ્થ નેતૃત્વને આભારી છું. વિદ્યાર્થીના પ્રશ્નો મુદ્દે લડવા અને રાજ્યમાં ફેલાયેલા ડ્રગ્સના દુષણને ડામવા કાર્યરત રહીશ.

એનએસયુઆઇના નવા પ્રમુખ ચાર્જ ગ્રહણ કરે તે પહેલાં જ વિરોધનો વંટોળ ઉભો થયો છે. નરેન્દ્ર સોલંકીના ચાર્જગ્રહણ પહેલાં જ અનેક એનએસયુઆઇ કાર્યકર્તા નારાજ હોવાનુ સામે આવ્યુ છે. મોટા જુથના ઈશારે રઘુ શર્મા થકી નરેન્દ્ર સોલંકીની પ્રદેશ અધ્યક્ષ તરીકે વરણી થઈ હોવાના આક્ષેપ ઉઠ્યા છે.

# એસએમસી પાની સરના રાજમાં આરટીઆઇ એકટમાં ધરખમ ફેરફાર

ટકે શેર ખાજા અને ટકે શેર ભાજી.

ગાંડું રાજા આરોપી અને ન્યાયાધીશ બેઉં રાજી.

ભલે આરટીઆઇ એકટની ધજીયા ઉડે, ભલે ગાય અને કાગડા આસમાનમાં સાથે ઉડે.

સુરત મહાનગરપાલિકાના એક પણ ઝોનમાં આરસીએસ એકટ મુજબ જવાબદાર અધિકારીઓનાં નામ જાહેરાત બેનર કેમ જાહેર કરવામાં આવ્યાં નથી?

સુરત શહેરમાં આરટીઆઇ કાર્યકર્તાઓ ઉપર જાનલેવા હુમલા થયાં છે. ખુલ્લેઆમ કતલ કરવામાં આવી છે. લોકોની ફરિયાદો ઓન લાઈન ઓન લાઈન લાઈનમાં ગોઠવવામાં આવે છે. ખો ખો ખો રમત રમવામાં આવે છે.

આપણી સરકાર દ્વારા ૨૦૧૩ માં ગુજરાતની જનતાને રાઈટ ટુ સિટીઝન પબ્લીક સર્વિસ એક્ટ હેઠળ ફરિયાદના નિકાલ માટે એક કાનૂનન વ્યવસ્થા કરી છે.

ગુજરાત સરકાર દ્વારા અમલ કરવામાં આવેલ કાયદા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવ્યું છે કે નહી તે જાણકારી માટે આરટીઆઇ એકટ હેઠળ અરજી કરી છે.

અમારી અરજી બાદ ચોંકાવનારા, હાસ્યાસ્પદ લેખિત જવાબ મળેલ છે.

જાહેર માહિતિ અધિકારી અને પરસોનલ ઑફિસર સાઉથ ઝોન ઉધનાના શ્રી પારૂલબેન જે. રાણા નો ચોંકાવનારો પત્ર મળે છે. પારૂલબેન રાણા જણાવે છે કે જો હું દિપક પટેલ એમનાં જવાબ થી નારાજ હોઉં તો મારે પ્રથમ અપીલ અધિકારી એવા પારૂલબેન જે. રાણા આસિસ્ટન્ટ કમિશનર સાઉથ ઝોન ઉધના સુરત મનપા.ને ૩૦ દિવસમાં અપીલ કરી દેવી.

અમોએ આરસીપીએસ એકટ મુજબ એમની કચેરીનાં ફરીયાદ નિવારણ અધિકારી, મુકરર અધિકારી, મુકરર સત્તાધિકારી અને રાજ્ય અપિલ અધિકારીઓની નામ, હોદ્દા સરનામાંની વિગત માંગી હતી.

પારૂલબેન અમોને સુરત મહાનગર પાલિકાની વેબસાઈટ માં જઈ માહિતી મેળવી લેવાની સલાહ આપે છે.

જો કોઈ વ્યક્તિ આરટીઆઇ એકટ હેઠળ અરજી કરી કોઈ જાહેર સેવા સત્તા મંડળમાં કોઈ પણ પ્રકારની સલાહ માગે, કે ભુલથી સવાલ કરે તો એ નાગરિકની અરજી દફતરે કરવામાં આવે છે.. જાહેર સેવકોને સવાલ પૂછી શકાય નહીં. આવી ગુસ્તાખી માફીને પાત્ર નથી.

આરટીઆઇ એકટનો મૂળ ઉદ્દેશ અને આદર્શ પારદર્શિતા,જવાબદેહીતા, સમયપાલનનો છે.

આરટીઆઇ એકટ મુજબ અરજી ફી રૂપીયા આપી નાગરિકો માહિતી મેળવે છે. મફત કોઈ માગતું નથી અને માહિતી અધિકારી દયા દાન ધરમ કરતા નથી. એક પાનના રોકડા બે રૂપિયા વસૂલ કરવામાં આવે છે. સરવાળે સરકારને આર્થિક લાભ મળે છે તે નફામાં. જો કોઈ વ્યક્તિ એમને થયેલાં અન્યાય બાબતે કોઈ એક આરટીઆઇ અરજી કરે.. પુરક માહિતી માટે બીજી અરજી કરે અને કદાચ બીજી બે ચાર અરજી કરી ન્યાયના હિતમાં માહિતી અધિકાર હેઠળ માહિતી માગે તો.. માહિતી અધિકારીને મરચાં લાગે છે અને આયોગ કમિશનર દ્વારા આવાં પીડિત વ્યક્તિ કે જેણે માહિતી અધિકાર હેઠળ દફતર મંથન કરી ભ્રષ્ટાચારનું મુળ શોધવા પ્રયત્ન કર્યો છે એવા માહિતી અરજદારોને નાણાકીય દંડ ફટકારી એ લાચાર નાગરીક બીજાં કોઈ પણ જાહેર સેવા સત્તા મંડળમાં આરટીઆઇ એકટ હેઠળ અરજી કરે તો મુળ અરજી જ દફતરે કરવાં હુકમ જાહેર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

સવાલો કરો તો જેલનો હવાલો ? સલાહ કે અભિપ્રાય કે પ્રશ્ર્ન પૂછો તો આરટીઆઇ અરજી દફતરે ?

હવે તો માહિતી અધિકારીઓ માહિતી આપવાની જવાબદારીમાંથી છટકવા વેબસાઈટ જોવા વણમાગી સલાહ આપી દોઢ ડાહ્યાં થતાં જોવાં મળે છે. શું જાહેર સેવા સત્તા મંડળ આરટીઆઇ એકટ કલમ મુજબ પ્રોએક્ટિવ ડીસ્કલોઝર અદ્યતન માહિતી હાર્ડ કોપી અને સોફ્ટ કોપીમાં જાહેર કરે છે ખરાં ?

સામાન્ય નાગરિકની પાસે વેબસાઈટ જોવા જાણવાની સગવડ સૂઝબૂઝ હોય છે ખરી?

હવે મૂળ વાત કરીએ પારૂલબેન જે. રાણા નામની એકજ વ્યકિત એકજ દિવસે માહિતિ અધિકારી અને અપિલ અધિકારી તરીકે ફરજ બજાવી શકે ખરી ?

પારૂલબેન જે રાણા માહિતી અધિકારી છે એમની સામે અપિલ અધિકારી તરીકે એઓશ્રી જાતે જ અપિલ અધિકારી તરીકે ફરજ બજાવે છે.

સુરત નગરી છે આ કે ગાંડું રાજાની નગરી ?

આરોપી અને ન્યાયાધીશ જસ્ટિસ તરીકે એકજ વ્યક્તિને ચાર્જ હવાલો આપનાર કોણ કોણ છે?

અમો દિપક પટેલ શિક્ષક સુરત દ્વારા આજે ફોન કરી પારુલબેન જે.રાણા સાથે વાત કરી. બેનશ્રી ઉવાચ અમારે ત્યાં તો એવું જ ચાલે. મને એમનાં સહિ વાળા પત્ર બાબતે મને ફોન કરીને સ્પષ્ટતા કરતાં જણાવે છે કે મ્યુ.કમિશનરશ્રી પાની સાહેબે પારૂલબેનને માહિતી અધિકારી અને અપિલ અધિકારી તરીકે એમ બે સત્તાધિકારી તરીકે ફરજ બજાવવાની જવાબદારી સોંપી છે.શું આપણાં સુરત મહાનગર પાલિકાના મ્યુ. કમિશ્નર સાહેબ આરટીઆઇ એકટ મુજબ એકજ વ્યક્તિને એકજ સમયે એકજ સત્તા માહિતિ અધિકારી અને અપિલ અધિકારી તરીકે આપી શકે ખરાં ?



**વંદે માતરમ**

**ઉદયપુરમાં કન્હૈયાલાલની નિર્દયતાથી હત્યાની જેટલી નિંદા કરીએ તેટલી ઓછી છે, આવા આતંકવાદીઓને કડકમાં કડક સજા થવી જોઈએ, તા.૩૦.૦૬.૨૦૨૨ ને ગુરુવારે ટાઉન હોલ ખાતેથી હિન્દુ સંગઠનોં એ રજૂઆત કરી આદરણીય કલેક્ટર સાહેબને જ્ઞાપન આપ્યું.જેમાં ઉદયપુર ગુજરાતી સમાજના પ્રમુખ રાજેશ બી મહેતા, સેક્રેટરી દિનેશ ભાઈ પટેલ, ટ્રસ્ટી ભુવનેશ ભાઈ શાહ, પારીખ સમાજ ના જયન્તિભાઈ પારીખ, નવનીતભાઈ પારીખ અને સુનિલભાઇ પારીખ ઉપસ્થિત રહ્યા હતા.હંમેશા આપની સેવામાં પ્રમુખ/સચિવ રાજેશ.બી મહેતા, દિનેશભાઈ પટેલ**

